**આજની પ્રાર્થના....**
સકલ જગત કો આપ
રચાવે સબકા પાલનહારા,
અંદર બાહિર સબ ઘટ
પૂરન, સબસે નિશદિન
ન્યારા, પ્રભુ તેરી મહિમા
પરમ અપારા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૯૫ | ૧૫ જુન, ૨૦૨૧, મંગળવાર; જયેષ્ઠ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં રેકોર્ડ બ્રેક સ્તરે મોંઘવારી

**મે મહિનાનો જથ્થાબંધ ફુગાવો ૧૨.૯૪ ટકાની સર્વોચ્ચ સપાટીએ : કોરોના સંકટ વચ્ચે આમઆદમીને ડબલ માર**

**તેલ-દાળ-શાકભાજી-કઠોળ બધુ જ મોંઘુદાટ, ૧ વર્ષમાં કરિયાણુ ૪૦ ટકા મોંઘુ થયું, ખાદ્ય તેલના ભાવ ૫૦ ટકા વધ્યા**



ન્યુ દિલ્હી,તા.૧૪

કેન્દ્ર સરકારને મેમાં જથ્થાબંધ મોંઘવારીના મોર્ચે મોટો ઝટકો લાગ્યો છે. મે મહિનામાં જથ્થાબંધ મોંઘવારીનો દર એપ્રિલના ૧૦.૪૯ ટકાથી વધીને ૧૨.૯૪ ટકા થયો છે. ક્રૂડ ઓઈલ અને મેન્યુફેક્ચરિંગ ગુડ્સની કિંમતોમાં થયેલા વધારાને કારણે જથ્થાબંધ ફુગાવામાં આ ઉછાળો જોવા મળ્યો છે. બીજી તરફ લો બેઝ ઈફેક્ટને કારણે પણ મે ૨૦૨૧માં જથ્થાબંધ મોંઘવારી દર એટલે કે હોલસેલ ઈન્ફલેશન પ્રાઈસ ઈન્ડેક્સમાં રેકોર્ડ તેજી જોવા મળી છે. મે ૨૦૨૦માં આ દર -૩.૩૭ ટકા રહ્યો હતો. મે સતત પાંચમો મહિનો રહ્યો છે જ્યારે જથ્થાબંધ મોંઘવારી દર આધારિત ફુગાવામાં વધારો જોવા મળ્યો છે.

વાણિજ્ય તેમજ ઉદ્યોગ મંત્રાલયે કહ્યું કે, મે ૨૦૨૧માં ઊંચા મોંઘવારી દરનું મુખ્ય કારણ લો બેઝ ઈફેક્ટની સાથે ક્રૂડ પેટ્રોલિય, મિનરલ ઓઈલ, પેટ્રોલ, ડીઝલ, નેપ્થા, ફર્નેસ ઓઈલ વગેર અને મેન્યુફેક્ચરિંગ

● અનુસંધાન પાન-૭ પર

## દેશભરમાં કોરોનાના ડેલ્ટા વેરિયન્ટે ખતરનાક રૂપ લીધું

**ડેલ્ટા એન્ટીબોડી કોકટેલને પણ બેઅસર કરી દે છે : કોરોનાના ડેલ્ટા વેરિયન્ટને અત્યાર સુધીનું સૌથી સંક્રમિત રૂપ ગણાય છે**

નવી દિલ્હી, તા. ૧૪

કોરોના વાયરસના નવા વેરિયન્ટ મુશ્કેલી વધારી રહ્યા છે. કોરોનાના ડેલ્ટા વેરિયન્ટને અત્યાર સુધીનું સૌથી સંક્રમિત રૂપ ગણવામાં આવે છે. આ વેરિયન્ટ બીજી લહેરના વ્યાપ પાછળ જવાબદાર હતો. હવે વૈજ્ઞાનિકો આ ડેલ્ટા વેરિયન્ટના વધુ મ્યુટેન્ટ વર્ઝનના ફેલાવાની દહેશત વ્યક્ત કરી રહ્યા છે

વૈજ્ઞાનિકોને દહેશત છે કે, ભારતમાં કોરોના વાયરસનો મળેલો સૌથી પ્રથમ ડેલ્ટા વેરિયન્ટ હવે વધુ સંક્રમિત AY.1 અથવા ડેલ્ટામાં મ્યુટેટ કરી ચૂક્યો છે. આ નવો મ્યુટેન્ટ એન્ટીબોડી કોકટેલને પણ બિનઅસરકારક કરવા સક્ષમ છે. મોનોક્લોનલ એન્ટિબોડી કોકટેલ હાલમાં કોરોના વાયરસની સારવારમાં સૌથી અસરકારક હોવાનું કહેવાય છે.

અહેવાલ મુજબ બ્રિટિશ સરકારના સ્વાસ્થ્ય અને સામાજિક કલ્યાણ વિભાગની કાર્યકારી એજન્સી પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડે ગ્લોબલ સાયન્સ GISAID પહેલના કારણે અત્યાર સુધીમાં Okay417N પરિવર્તન સાથે ડેલ્ટાના (B1.617.2) ૬૩ જીનોમને ઓળખવામાં આવ્યા છે. કોરોના વેરિએન્ટ મામલે ગયા શુક્રવાર સુધીના અપડેટ થયેલી જાણકારી મુજબ ભારતમાં ૭ જૂન સુધીમાં ડેલ્ટા પ્લસના છ કેસ નોંધાયા હતા.



દિલ્હીના ઈન્સ્ટિટ્યૂટ ઓફ જેનોમિક્સ એન્ડ ઈન્ટિગ્રેટિવ બાયોલોજિક ડોક્ટર અને કોમ્પ્યુટેશન બાયોલોજીસ્ટ વિનોદ સ્કારિયાએ જણાવ્યું હતું કે K417N વિશે વિચાર કરવાનું કારણ એ છે કે, મોનોક્લોનલ એન્ટિબોડી ડ્રગ કેસિરીમાબ અને ઈમડેવીબામમાં પ્રતિરોધને બિનઅસરકારક બનાવવાના પુરાવા છે.

## લોજપામાં પાસવાન સામે બળવો

**બિહારના રાજકારણમાં ઉથલપાથલ : પાંચ સાંસદ JDUમાં જોડાઈ શકે છે : વિધાનસભા પરિષદમાં એલજેપીનું એકમાત્ર પ્રતિનિધિત્વ કરનારા નુતન સિંહ અગાઉ ભાજપમાં જોડાઈ ચૂક્યા છે**

પટણા,તા.૧૪

બિહારના રાજકારણમાં ફરીએકવાર ગરમાવો આવી ગયો છે. લોક જનશક્તિ પાર્ટીમાં ઉથલપાથલ જોવા મળી રહી છે. હાજીપુર સાંસદ પશુપતિ પારસે જેડીયુના મોટા નેતા લલન સિંહ સાથે મુલાકાત કરી છે. એલજેપીના તમામ સાંસદોએ પશુપતિ પારસને પોતાના નેતા માની લીધા છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાને પત્ર લખીને પાંચ સાંસદોએ આ અંગે જાણકારી આપી છે. સ્થિતિ એવી બની રહી છે કે એલજેપીમાં ચિરાગ પાસવાન એકલા પડતા જોવા મળી રહ્યા છે. બિહારના રાજકારણમાં પોતાની ખાસ ઓળખ બનાવી ચૂકેલા લોક જનશક્તિ પાર્ટીના સંસ્થાપક રામવિલાસ પાસવાનના નિધન બાદ તેમના પુત્ર અને જમુઈથી સાંસદ ચિરાગ પાસવાન રાજકારણમાં એકલા પડતા જોવા મળી રહ્યા છે. ગત વર્ષ બિહારમાં થયેલી વિધાનસભા ચૂંટણીમાં અનેક પોતાના લોકોએ એલજેપી છોડી હતી, જે અત્યારે સાથે છે તે પણ છોડીને જઈ શકે છે તેવી અટકળો થઈ રહી છે.

બિહાર વિધાનસભા પરિષદમાં એલજેપીનું એકમાત્ર પ્રતિનિધિત્વ કરનારા નુતન સિંહ અગાઉ ભાજપમાં જોડાઈ ચૂક્યા છે. ગત વર્ષે થયેલી વિધાનસભા ચૂંટણીમાં ચિરાગે પોતાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદના હનુમાન ગણાવીને પાર્ટીને ચૂંટણી મેદાનમાં ઉતારી હતી. એવી સ્થિતિમાં ભાજપના નેતાઓએ પણ કહી દીધુ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ પોતાના બિહાર પ્રવાસમાં કહ્યું હતું કે એનડીએમાં ફક્ત ભાજપ, જેડીયુ, વિકાસશીલ ઈન્સાન પાર્ટી અને હિન્દુસ્તાન અવામ મોર્ચા સામેલ છે.

## મહારાષ્ટ્રમાં આગામી ચૂંટણી કોંગ્રેસ એકલા હાથે લડશે

**હાઈકમાન્ડ નિર્ણય લે તો હું મુખ્યમંત્રીનો ચહેરો બનવા માટે તૈયાર : નાના પટોલ**

મુંબઈ,તા.૧૪

મહારાષ્ટ્ર સરકારમાં પોતાની હાજરીની અવગણના પર ઘણી વખત પ્રશ્નો કરી ચુકેલી કોંગ્રેસે આવતી વિધાનસભા ચૂંટણીમાં એકલા લડવાનો નિર્ણય કરી લીધો છે. મહારાષ્ટ્ર કોંગ્રેસના ચીફ નાના પટોલે કહ્યું કે રાજ્યમાં હવે પાર્ટી એકલા ચૂંટણી લડશે. ત્યાર બાદ ફરી એક વખત મહારાષ્ટ્રમાં રાજકીય ગરમાવો વધી ગયો છે. પટોલે સીએમ બનવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.

નાના પટોલે કહ્યું કે, 'કોંગ્રેસ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી એકલા હાથે લડશે. અને જો હાઈકમાન્ડ નિર્ણય લે તો હું મુખ્યમંત્રીનો ચહેરો બનવા માટે તૈયાર છું'. પટોલના આ નિવેદન બાદ ફરી એક વખત સંકેત મળી રહ્યા છે કે રાજ્યની મહાવિકાસ અઘાડી સરકારમાં હાલ કંઈ સરખુ નથી ચાલી રહ્યું. રાજ્યની ગઠબંધન સરકારમાં મુખ્ય ભુમિકા નિભાવી રહેલી એનસીપીએ કહ્યું કહ્યું હતું કે મહા વિકાસ અઘાડીના ત્રણેય ઘટક મહારાષ્ટ્ર સરકાર ચલાવવાના મુદ્દા પર એત્રીત થઈ છે પરંતુ વર્ષ ૨૦૨૪માં થવા જઈ રહેલી રાજ્ય વિધાનસભા અને લોકસભાની ચૂંટણી સાથે લડવા પર અત્યાર સુધી કોઈ નિર્ણય નથી કરવામાં આવ્યો. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ નાના પટોલે તે નિવેદનમાં તેમણે કહ્યું હતું કે આવનાર વિધાનસભાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી બનીને આવશે. શનિવારે પટોલે અમરાવતીમાં કહ્યું હતું કે વર્ષ ૨૦૨૪ની ચૂંટણીમાં કોંગ્રેસ રાજ્યમાં સૌથી મોટી પાર્ટી બનાને આગળ આવશે અને ફક્ત કોંગ્રેસની વિચારધારા જ દેશને બચાવી શકે છે. આ વચ્ચે, કોંગ્રેસના વરિષ્ઠ નેતા નસીમ ખાને કહ્યું કે જો તેમની પાર્ટી એકલા હાથે ચૂંટણી લડશે તો તેમને તેનો ફાયદો થશે.

## ગૌતમ અદાણીને ફટકો : ૪૩૫૦૦ કરોડ રૂપિયાના શેર ફ્રીઝ થયા

**NSDLએ ત્રણ વિદેશી ફંડ્સના અકાઉન્ટ ફ્રિઝ કર્યા જેમની પાસે અદાણી ગ્રુપ કંપનીઓના ૪૩, ૫૦૦ કરોડ રુપિયાથી વધારે મૂલ્ય ધરાવતા શેર છે**

નવી દિલ્હી, તા. ૧૪

ભારત અને એશિયાના બીજા ક્રમાંકના સૌથી ધનિક વ્યક્તિ ગૌતમ અદાણીના નેતૃત્વ વાળી કંપની અદાણી ગ્રુપ માટે એક માઠા સમાચાર છે. નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ દ્વારા ત્રણ વિદેશી ફંડ્સ Albula Investment Fund, Cresta Fund અને APMS Investment Fundના અકાઉન્ટ ફ્રીઝ કરી દીધા છે. તેમની પાસે અદાણી ગ્રુપની ચાર કંપનીઓના ૪૩,૫૦૦ કરોડ રુપિયાથી વધારે મૂલ્યના શેર છે. એનએસડીએલની વેબસાઈટ અનુસાર, આ અકાઉન્ટને ૩૧ મે અથવા તે પહેલા ફ્રીઝ કરવામાં આવ્યા હતા.

આ ત્રણની અદાણી એન્ટરપ્રાઈઝમાં ૬.૮૨ ટકા, અદાણી ટ્રાન્સમિશનમાં ૮.૦૩



ટકા, અદાણી ટોટલ ગેસમાં ૫.૯૨ ટકા અને અદાણી ગ્રીનમાં ૩.૫૮ ટકા ભાગીદારી છે. કસ્ટોડિનય બેંક્રો અને વિદેશી રોકાણકારોને હેન્ડલ કરતી લૉ ફર્મ્સ અનુસાર, આ વિદેશી ફંડ્સને બેનિફિશિયલ ઓનરશિપ વિષે પૂરતી જાણકારી નહીં હોય, માટે તેમના અકાઉન્ટ ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે. પ્રીવેન્શન ઓફ મની લૉન્ડ્રિંગ એક્ટ અંતર્ગત બેનિફિશિયલ ઓનરશિપ વિષે પૂરી જાણકારી આપવી જરુરી છે.

એક અધિકારીના જણાવ્યા અનુસાર, લગભગ કસ્ટોડિયન પોતાના ક્લાયન્ટ્સને આ પ્રકારની કાર્યવાહી વિષે જાણકારી આપે છે, પરંતુ જો ફંડ આ બાબતે જવાબ નથી આપતા અથવા તેનું પાલન નથી કરતા તો તેમના અકાઉન્ટ ફ્રીઝ થઈ શકે છે. અકાઉન્ટ ફ્રીઝ થવાનો અર્થ છે કે, ફંડ વર્તમાન સિક્યોરિટી વેચી નથી શકતા અને નવી સિક્યોરિટી ખરીદી નથી શકતા. આ બાબતે એનએસડીએલ, સેબી અને અદાણી ગ્રુપને મોકલવામાં આવેલા ઈમેઈલનો કોઈ જવાબ નથી મળ્યો. ફંડિંગ કંપનીઓ સાથે સંપર્ક સાધી નથી શકાયો. આ ત્રણ ફંડ સેબીમાં વિદેશી પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ તરીકે રજિસ્ટર્ડ છે અને મોરિશિયસથી કામકાજ ચાલી રહ્યું છે. આ ત્રણેયના પોર્ટ એક જ એડ્રેસ પર રજિસ્ટર્ડ છે અને તેમની કોઈ વેબસાઈટ નથી.

## પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો યથાવત્

**પેટ્રોલમાં ૨૯ પૈસાનો અને ડિઝલમાં ૩૦ પૈસાનો વધારો**

ન્યુ દિલ્હી,તા.૧૪

એક દિવસની રાહત બાદ સરકારી તેલ કંપનીઓએ આજે ફરીથી પેટ્રોલ-ડીઝલની કિંમતમાં વધારો કર્યો છે. સોમવારે પેટ્રોલનાં ભાવમાં પ્રતિ લિટર ૨૯ પૈસાનો વધારો થયો છે, જ્યારે ડીઝલની કિંમતમાં આજે ૩૦ પૈસાનો વધારો થયો છે. આ સિવાય આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની વધતી માંગને કારણે તેના દરોમાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે. ઈંધણનાં ભાવમાં વધારા બાદ આજે રાજધાનીમાં પેટ્રોલ ૯૬.૪૧ રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે જ્યારે ડીઝલ ૮૭.૨૮ રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે.

૪ મેથી પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં વધારો થયો ત્યારથી, ભાવ રેકોર્ડ સ્તરે પહોંચ્યા છે. હમણાં સુધી, ૨૫ દિવસમાં ધીમે ધીમે વધારો થતા પેટ્રોલ ૬.૦૯ પ્રતિ લિટર મોંઘુ થઈ ગયું છે. વળી ડીઝલ ૨૫ દિવસમાં લિટર દીઠ ૬.૩૦ રૂપિયા મોંઘુ થઈ ગયું છે. ઈન્ડિયન ઓઈલની વેબસાઈટ મુજબ, રાજધાની દિલ્હીમાં આજે એક લિટર પેટ્રોલની કિંમત ૯૬.૪૧ રૂપિયા છે અને ડીઝલની કિંમત ૮૭.૨૮ રૂપિયા છે. એ જ રીતે, મુંબઈમાં પેટ્રોલ રૂ.૧૦૨.૫૮ અને ડીઝલ ૯૪.૭૦ રૂપિયા, કોલકાતામાં રૂ. ૯૬.૩૪ અને ડીઝલ ૯૦.૧૨ રૂપિયા અને ચેન્નાઈમાં પેટ્રોલનો દર ૯૭.૬૯ રૂપિયા અને ડીઝલ ૯૧.૯૨ પર સ્થિર રહ્યુ.

મોંઘવારી, પેટ્રોલ અને ડીઝલનાં વધતા ભાવને લઈને કોંગ્રેસ દેશભરમાં વિરોધ પ્રદર્શન કરી રહી છે. છત્તીસગઢની રાજધાની રાયપુરમાં પણ મોંઘવારીનાં વિરુદ્ધમાં આંદોલન ચાલી રહ્યું છે.

## દેશની ૩૫ ટકા વસ્તી કોરોના ત્રીજા મોજા હેઠળ આવી શકે

**બાળકો-કિશોર ત્રીજી તરંગનો સૌથી વધુ ભોગ બની શકે : નિષ્ણાતોએ ત્રીજી લહેર માટે ઉપાય આપ્યા**

નવી દિલ્લી, તા. ૧૪

કોવિડ -૧૯ની બીજી લહેરની તેજી પછી હવે તેમાં ઘટાડો જોવા મળી રહ્યો છે, પરંતુ આરોગ્ય નિષ્ણાતો કહે છે કે, બે-ત્રણ મહિના પછી દેશમાં કોરોના ત્રીજી તરંગનો ચેપ જોવા મળી શકેછે. દેશની ૩૫ ટકા વસ્તી કોરોના ત્રીજા મોજા હેઠળ આવી શકે છે. આ સાથે, એવું પણ માનવામાં આવે છે કે બાળકો અને કિશોરો ત્રીજી તરંગનો સૌથી વધુ ભોગ બની શકે છે.

આવી સ્થિતિમાં સરકાર હવેથી ત્રીજી લહેર સામે લડવા માટે ઘણા પગલા લઈ રહી છે. દરમિયાન, પ્રખ્યાત કાર્ડિયાક સર્જન ડો.દેવી શેટ્ટીએ દેશમાં કોરોનાની ત્રીજી તરંગને રોકવા માટે સાત પગલા આપ્યા છે.

કેન્દ્ર સરકારે વહેલી તકે વાજબી ભાવે ભારતીય અને વિદેશી રસી લેવી જોઈએ, જેથી વધુમાં વધુ લોકોને રસી આપવામાં આવે. હાલમાં, ભારતમાં કોવિશિલ્ડ, કોવાસીન અને સ્પુટનિક-વીના ડોઝ આપવામાં આવી રહ્યા છે. જ્યારે ફાઈઝર અને મોડર્ના ટૂંક સમયમાં ભારત આવે તેવી સંભાવના છે. ભારત સરકાર દ્વારા પ્રાયોજિત બીજી ભારતીય કંપની દ્વારા બનાવવામાં આવતી રસી હવે મોટાભાગના યુએસ રસી કરતાં વધુ ખર્ચાળ છે. બંને કેન્દ્ર અને રાજ્ય સરકારોએ પારદર્શક રીતે ફ્રન્ટલાઈન કામદારોમાં રસી ખરીદવા અને તેનું વિતરણ કરવાનું ઉત્તમ કાર્ય કર્યું હતું. હવે રાજ્ય સરકારોએ સરકારી હોસ્પિટલોમાં વિના મૂલ્યે અને ખાનગી દવાખાનાઓમાં અથવા દવાખાનાઓને કિંમતે કિંમતે રસી વિતરણ કરવાની જરૂર છે.

રસીકરણ અંગે લોકોને ૨૪૮૭ સેવા મળવી જોઈએ. લોકો ઘરની અંદર, કારની અંદર અથવા હોસ્પિટલના પરિસરમાં પણ અડધી રાતે રસી મેળવી શકે તે માટેની વ્યવસ્થા કરવી જોઈએ. કોઈ પણ રસી ૧૦ દિવસથી વધુ સમય માટે સરકારી અથવા ખાનગી હોસ્પિટલના રેફ્રિજરેટરમાં રાખવી જોઈએ નહીં. આ સુનિશ્ચિત કરવું

પણ જરૂરી છે. જો કોઈ હોસ્પિટલ ૧૦ દિવસમાં તેનો સ્ટોક રસીકરણ માટે સમર્થ નથી, તો તે તેને અન્ય લોકોને વહેંચી દેવી જોઈએ. આ વ્યૂહરચનાથી સરકારી હોસ્પિટલોની અસમર્થતા અને ખાનગી હોસ્પિટલો દ્વારા રસીના સંગ્રહખોરીને દૂર કરવામાં આવશે.

રસીકરણ એ સમુદાય સ્તરનું પ્રણય હોવું જોઈએ. આની મદદથી સમગ્ર શહેરના ગરીબ લોકોને સરકારની મદદ વગર રસી આપી શકાય છે. ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનો સીએસઆર ફંડ ગરીબોને રસી આપવા માટે રસી ખરીદવા અથવા ખાનગી ક્લિનિક્સ ચૂકવવા માટે પણ ખર્ચ કરી શકાય છે.

### દેશમાં કોરોનાના નવા ૭૦ હજાર કેસ

નવી દિલ્હી,તા.૧૪

નવી દિલ્હીઃ દેશમાં આમ તો કોરોનાની બીજી લહેર કાબૂમાં જોવા મળી રહી છે. નવા કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. પરંતુ મૃત્યુમાં પાછો વધારો થયો છે. આજે બહાર પડેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૭૦ હજાર કેસ નોંધાયા છે. જ્યારે ૩૯૨૧ લોકોના કોરોનાથી મોત થયા છે. ગઈ કાલે એક દિવસમાં ૮૦ હજારથી વધુ નવા કેસ નોંધાયા હતા જ્યારે ૩૩૦૩ લોકોના મોત થયા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે બહાર પાડેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૭૦,૪૨૧ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતોનો આંકડો ૨,૯૫,૧૦,૪૧૦ પર પહોંચી ગયો છે. જેમાંથી ૯,૭૩,૧૫૮ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે. એક દિવસમાં ૧,૧૯,૫૦૧ દર્દીઓ રિકવર થયા છે. આ સાથે કુલ રિકવર થયેલા દર્દીઓનો આંકડો ૨,૮૧,૬૨,૯૪૭ થયો છે. જો કે કોરોનાથી થતા મોતનો આંકડો ફરી એકવાર વધ્યો છે જે ચિંતાજનક છે. ૨૪ કલાકમાં ૩૯૨૧ દર્દીઓએ કોરોનાથી જીવ ગુમાવ્યો.

## કેડિલા વેક્સિનના ઈમરજન્સી ઉપયોગ માટે મંજુરી માગી શકે

**ઝાયડસ-કેડિલાની રસીને મંજૂરી મળશે તો વિશ્વની પ્રથમ ડીએનએ-પ્લાઝ્મિડ રસી હશે : સપ્તાહમાં મંજુરી માગી શકે**

નવી દિલ્હી, . ૧૪

કોરોના મહામારી સામે લડવા માટે અત્યારે રસી સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. બીજી લહેરે અનેક પરિવારોને તોડી નાખ્યા છે. ત્રીજી લહેરમાં બાળકો પર ખતરો હોવાનું કેટલાક નિષ્ણાતો માની રહ્યા છે. ત્યારે ૧૨થી ૧૮ વર્ષના બાળકો પર ટેસ્ટ કરવાનું શરૂ કરાયા બાદ ઝાયડ્સ-કેડિલા હવે ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા પાસે તેની રસીના ઈમરજન્સી ઉપયોગ માટે પરવાનગી માંગી શકે છે. જો મંજૂરી મળી જશે તો આ વિશ્વની પ્રથમ ડીએનએ-પ્લાઝ્મિડ રસી હશે. સરકાર અને કંપનીના સૂત્રોએ પુષ્ટિ કરી છે કે, અમદાવાદ સ્થિત ઝાયડ્સ-કેડિલા એકાદ અઠવાડિયામાં ડ્રગ રેગ્યુલેટર પાસેથી ઈમરજન્સી ઉપયોગની મંજૂરી માંગી શકે છે.

એક સરકારી અધિકારીએ ન્યૂઝ પેપરને જણાવ્યું હતું કે, ત્રણ તબક્કા ટ્રાયલ્સમાં ડેટા એનાલિસિસ તૈયાર છે. કંપની ટૂંક સમયમાં તેની રસી માટે EUAની માંગ કરી શકે છે. ઉલ્લેખનીય




છે કે, ZyCov-Dને અમદાવાદની કંપની ઝયડ્સ-કેડિલા બનાવી રહી છે. જે ફાયઝર/બાયોનટેક અને મોડર્ના કરતા સાવ અલગ છે. આ રસી પ્લાઝમિડ ડીએનએનો ઉપયોગ માનવ કોષોને

● અનુસંધાન પાન-૭ પર